| | | | | |
|---|---|---|---|---|
| GJJN080001842026 | કેસ પ્રાપ્તી તારીખ: | ૦૯/૦૧/૨૦૨૬ | | |
| | કેસ દાખલ તારીખ: | ૦૯/૦૧/૨૦૨૬ | | |
| | કેસ નિર્ણિત તારીખ: | ૦૪/૦૮/૨૦૨૬ | | |
| | અવધિ: | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૬ | ૨૬ |
| | **આંક:–** | **૨૭** | | |

**:: નમુનો – અ ::**

| | | |
|---|---|---|
| **મહે. એડિશિનલ સિનિયર સિવિલ જજ અને એડિશિનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ, મુકામ : કેશોદ, જૂનાગઢ.** | | |
| **ચુકાદાની તારીખ** | **:–** | ૦૪/૦૮/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | **:–** | **૧૬૮/૨૦૨૬** |
| **પોલીસ સ્ટેશન/ પ્રથમ માહિતી અહેવાલ નંબર** | **:–** | કેશોદ પો. સ્ટે. ગુના રજિ. નં.–૧૧૨૦૩૦૩૦૨૫૦૫૭૩/૨૦૨૫ |
| **ગુનો** | **:–** | જુગાર ધારા કલમ–૧૨ મુજબ. |
| **ફરિયાદી** | **:–** | શ્રી સરકાર |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | **:–** | એમ. એલ. સૈયદ |
| **આરોપીનું નામ** | **:–** | **રાકેશભાઈ કાંતીલાલ ઘોડાદરા,**<br>ઉ.વ.૪૦, ધંધો:– ખેતી,<br>રહે. કેશોદ, ડી.પી. રોડ, તા. કેશોદ. |
| **આરોપી તરફે વિ.વકીલ શ્રી** | **:–** | એચ. ડી. દેવાણી |

**:: નમુનો – બ ::**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | **:–** | ૦૫/૦૮/૨૦૨૫ |
| **આખરી અહેવાલની તારીખ** | **:–** | ૦૯/૦૯/૨૦૨૫ |
| **તહોમતનામાં/ પ્લી ઘડયાની તારીખ** | **:–** | ૧૬/૦૩/૨૦૨૬ |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | **:–** | ૧૩/૦૫/૨૦૨૬ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | **:–** | ૨૯/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | **:–** | ૦૪/૦૮/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | **:–** | – – |

**:: આરોપીઓની વિગત ::**

| અનુ. નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ભા. ના. સુ. સં.ની કલમ–૪૬૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| (૮) | **રાકેશભાઈ કાંતીલાલ ઘોડાદરા,** (આરોપી નં. ૧ થી ૭ તથા ૯ નાઓએ આ કામે નો ગુનો કબુલ કરેલ છે.) | ૦૫/૮/૨૫ | ૦૫/૮/૨૫ | જુગાર ધારા કલમ–૧૨ મુજબ. | નિર્દોષ | –– | – – |

**(નમુનો :–ક)**

**ફરિયાદપક્ષે/બચાવપક્ષે/ન્યાયાલયના સાક્ષીની યાદી**

**(અ–૧) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :–**

| **અનુ.નં.** | **આંક** | **જુબાની આપનાર સાહેદના નામ** | **વિગત** |
|---|---|---|---|
| ૧ | ૧૬ | સુરેશભાઈ મોહનભાઈ ભંભાણા | ફરીયાદી |
| ૨ | ૧૮ | આશીષભાઈ ખીમજીભાઈ પીત્રોડા | પંચ સાહેદ |
| ૩ | ૨૦ | યુવરાજ રમેશભાઈ મકકા | પંચ સાહેદ |
| ૪ | ૨૫ | કરણભાઈ હમીરભાઈ ભાટીયા | સાહેદ |
| ૫ | ૨૬ | પ્રકાશભાઈ જીવાભાઈ ડાભી | ત.ક.અમલદાર |

**ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત**

**(અ–૨)ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :–**

| **અનુ.નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૧૭ | ફરીયાદ |
| ૨ | ૧૯ | અટક અંગઝડતી પંચનામુ |

**–:: ચુકાદો ::–**

**ફરિયાદપક્ષે ટૂંકમાં હકિકત તથા પોલીસ કાર્યવાહી :–**

**(૧)....**આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા. ૫/૮/૨૦૨૫ ના રોજ કલાક–૧૮/૩૦ વાગ્યાના અરસામાં કેશોદ વેરાવળ રોડ રવજીભાઈ મનજીભાઈ પટેલના ખેતરની બાજુમાં આવેલ સાર્વજનીક પ્લોટમાં જાહેરમાં ગંજી પતાના પાના પૈસા વડે પૈસાની હાર જીત કરી જુગાર રમી રમતાં રેઈડ દરમિયાન રોકડ રૂા. ૧૪,૬૦૦/– તથા મો. ફોન –૨ કી. રૂા. ૧૦,૦૦૦/– તથા જુગારના સાહિત્ય ગંજીપતાના પાના નંગ–૫૨ તથા પાથરણું નંગ–૧ મળી કુલ કી. રૂા. ૨૪,૬૦૦/–ના મુદામાલ સાથે પકડાઈ જઈ, ગુનો કરેલાનું તપાસ દરમ્યાન પડેલ પુરાવા પરથી પુરવાર થતા ફરિયાદીએ આ મતલબની ફરિયાદ કેશોદ પોલીસ સ્ટેશનમાં આપેલ. ત. ક. અ. શ્રીએ તપાસનાં અંતે ગુના અંગે આરોપીની અટક કરી મુદૃત હરોળમાં આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે અને ત. ક. અ.શ્રીએ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા આખરી અહેવાલ દાખલ કરેલ.

**ગુનાનું સંજ્ઞાન તથા તહોમતનામું :–**

**(૨)....**ત્યારબાદ, આરોપી વિરૂધ્ધ જુગાર ધારા કલમ–૧૨ મુજબનાં ગુના અંગે કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવા હુકમ કરેલ. આરોપીઓ ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત થતા આરોપી નં.૧ થી ૯ ને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આંક–૫ થી આરોપી નં.૮ આરોપીનો ગુનાની કબુલાત અંગે જવાબ નોંધવામાં આવેલ. આરોપીએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

આંક–૬ થી આંક–૧૨ તથા આંક–૧૪ થી આરોપી નં.૧ થી ૭ તથા ૯ નાએ ગુનાની કબુલાત અંગે જવાબ હકારમાં નોંધવામાં આવેલ છે તથા આંક–૧૩ થી કબુલાત પુરશીશ રજુ રાખેલ છે.

**ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો :–**

**(૩)....**ઉપરોકત **નમુના 'ક'** માં જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**વિશેષ નિવેદન :–**

**(૪)....**સદર કામે ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ તેમની સામેનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનુ કબુલ કરી, બાકીની હકિકતોનો ઈન્કાર કરી તેમને બચાવના સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઈન્કાર કરેલ છે અને

વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદન નિર્દોષ છે. તેઓએ કોઈ જુગાર રમેલ નથી.

**દલીલો :–**

**(૫)....**ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ. ફરિયાદપક્ષે આરોપીને સખત સજા કરવા અરજ કરેલ તથા આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ.

**મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય:–**

**(૬)....**સદર કામે રજૂ થયેલ પુરાવા, કેસની હકિકત, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

**::– મુદ્દાઓ –::**

**૧)....**શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૫/૮/૨૦૨૫ ના રોજ કલાક–૧૮/૩૦ વાગ્યાના અરસામાં કેશોદ વેરાવળ રોડ રવજીભાઈ મનજીભાઈ પટેલના ખેતરની બાજુમાં આવેલ સાર્વજનીક પ્લોટમાં જાહેરમાં ગં જી પતાના પાના પૈસા વડે પૈસારી હાર જીત કરી જુગાર રમી રમતાં રેઈડ દરમિયાન રોકડ રૂા. ૧૪,૬૦૦/– તથા મો. ફોન –૨ કી. રૂા. ૧૦,૦૦૦/– તથા જુગારના સાહિત્ય ગં જીપતાના પાના નંગ–૫૨ તથા પાથરણું નંગ–૧ મળી કુલ કી. રૂા. ૨૪,૬૦૦/–ના મુદામાલ સાથે પકડાઈ જઈ, જુગાર ધારા કલમ–૧૨ મુજબ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨)....**શું હુકમ ?

**(૭)....**ઉપરોકત મુદ્દા પરત્વે મારો નિર્ણય નીચે મુજબ આપુ છું.

**(૧)....**નકારમાં

**(૨)....**આખરી હુકમ મુજબ....

**(૭.૧)....કેસમાં રજૂ થયેલ પુરાવા અંગે પ્રાથમિક ચર્ચા :–**

કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પ્રત્યેક કેસનો નિર્ણય કરતી વખતે જે તે કેસના વિશિષ્ટ સંજોગો તથા તેને લગતા આનુસાંગીક કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત તથા કાયદાની જોગવાઈઓ ધ્યાનમાં રાખવી ખુબ જ આવશ્યક છે. આમ, કેસનો નિર્ણય કરતી વખતે અદાલતે એ જોવાનું રહે છે કે, શું ફરિયાદ પક્ષ પોતાનો કેસ રેકર્ડ ઉપરના પુરાવા ઉપર આરોપીઓ વિરૂધ્ધ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરી શકેલ

છે કે કેમ ? અને તે માટે ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈઓ ધ્યાને રાખવી ખુબ જ આવશ્યક છે.

**(૭.૨)....**ફરિયાદ પક્ષે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ વ્યાજબી વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવાનો રહે છે. જયારે આરોપીઓએ સંભવિતતા ના સિધ્ધાંત ઉપર પોતાનો બચાવ રજૂ કરવાનો રહે છે. આ ફોજદારી કેસોમાં જે પાયાનો સિધ્ધાંત છે તે ઘ્યાને રાખવો જરૂરી છે.

**મુદ્દા નં. ૧,૨ :–**

**(૮)....**ફરિયાદ પક્ષ તરફે આરોપીઓ સામેના આક્ષેપિત ગુનાની હકિકતો પુરવાર કરવા માટે સૌપ્રથમ આંક–૧૬ થી ફરીયાદી સુરેશભાઈ મોહનભાઈ ભંભાણા નાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ સને–૨૦૨૫માં કેશોદ પો. સ્ટે. ખાતે પો. કો. તરીકે પોતાની ફરજ પર હતા તે દરમિયાન ગઈ તા. ૫–૮–૨૫ ના રોજ તેઓ તથા પો. હે. કો. પી. જે. ડાભી તથા અન્ય પો. સ્ટાફના માણસોને ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ફરતા ફરતા કેશોદ વેરાવળ રોડ દર્શન હોટલ પાસે પહોંચતા બાતમી મળેલ કે કેશોદ વેરાવળ રોડ રવજીભાઈ મનજીભાઈ પટેલના ખેતરની બાજુમાં આવેલ સાર્વજનીક પ્લોટમાં જાહેરમાં અમુક ઈસમો ગંજીપતાના પાના પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમાડે છે જેથી બે પંચોના માણસોને બોલાવી હકીકતની સમજ કરી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા પાથરણું પાથરી અમુક ઈસમો ગંજી પતાના પાના વડે જુગાર રમતા હોય જે પોલીસને જોઈ પતા તથા પૈસા પટમાં ફેકી ભાગવા જતા જેમતા તેમ બેસાડી દીધેલ અને વારાફરતી નામ ઠામ પુછવામાં અ ાવેલ અને પાથરણા પર થી રોકડ રકમ રૂા.૧૪,૬૦૦/– તથા પતા નંગ–પર મળી આવેલ તેમજ પાથરણાની કીંમત રૂા. ૦૦–૦૦ ગાણી કબજે કરેલ અને મોબાઈલ ફોન નંગ–ર કી. રૂા. ૧૦,૦૦૦/– અને નવ આરોપીઓને અટક કરેલ જે પંચનામુ કલાક–૧૭–૪૦ થી ૧૮–૩૦નું કરવામાં આવેલ, આમ, કુલ મુદામાલ કી. રૂા. ૨૪,૬૦૦/–નો ગણી સદરહુ ઈસમો વિરુધ્ધ તેઓઅ કેશોદ પો. સ્ટે.માં ફરીયાદ આપેલ, જે આંક–૧૭ થી રજૂ છે. તેમજ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વીસ્તાર છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, ત્યાં આજુ બાજુમા ઘણી દુકાનો તથા ખેતરો આવેલ છે અને ત્યાં ઘણા માણસો કામ કરતા હોય છે. તેમજ ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, પ્રથમ પંચનામું કરવામાં આવેલ અને બાદમાં ફરીયાદ આપેલ હતી. તેમજ ફરીયાદમાં કયા ખા.વા. મા ગયેલ તેના નંબર તથા પ્રકાર જણાવેલ નથી. તેમજ પંચોને કોણ બોલાવવા ગયેલ તે હકીકત તેમની ફરીયાદમા જણાવેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, રેઈડ સમયે કયા આરોપી પાસેથી કયા દરની નોટો મળેલ છે તેની હકીકત તેમની ફરીયાદ મા જણાવેલ નથી. વધુમાં

તેઓએ સ્વીકારેલ છે કે, ગંજીપતા બજારમા કરીયાણાની દુકાન તથા પાનની દુકાને સહેલાઈથી મળી શકે છે. તેઓએ સ્વીકારેલ કે, કોઈ પણ જુગાર હોય તેમા હાર કે જીત થાતી હોય છે. તેમજ તેમની ફરીયાદમા કયો આરોપી હારેલ હોય અને કયો આરોપી જીતેલ હોય તે હકીકત જણાવેલ નથી. તેમજ સામાન્ય રીતે કોઈપણ પુરુષના ખીસ્સામા અલગ અલગ દરની ચલણી નોટો હોય છે.

**(૯)....**ત્યારબાદ, ફરિયાદ પક્ષે આંક-૧૮થી પંચ સાહેદ આશીષભાઈ ખીમજીભાઈ પીત્રોડા તથા આંક-૨૦થી પંચ સાહેદ યુવરાજ રમેશભાઈ મકકાનાઓ આંક-૧૯ વાળા અટક અંગઝડતી પંચનામાના પંચ સાહેદો છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેમને પોલીસે બોલાવી પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. આંક-૧૯ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સીવાય બીજું કાઈ જાણતા નથી. પોલીસે તમારી હાજરીમાં આરોપીઓને અટક કરેલ કે તેમની પાસેથી કોઈ મુદામાલ મળેલ હોય તેવું બનેલ? જેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે પંચનામામાં સહી કરાવ્યા સીવાય અમારી હાજરીમાં કોઈ કાર્યવાહી કરેલ નથી.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી આ સીવાય બીજી કોઈ જાત માહીતી નથી.

**(૧૦)....**વધુમાં ફરિયાદપક્ષે આંક-૨૫ થી સાહેદ કરણભાઈ હમીરભાઈ ભાટીયાનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૫માં કેશોદ પો.સ્ટે. ખાતે પો.કોન્સ. તરીકે પોતાની ફરજ પર હતા દરમ્યાન ગઈ તા. ૫/૮/૨૫ ના રોજ તેઓ તથા પો.હેડ.કોન્સ. પી.જે.ડાભી તથા અન્ય પો.સ્ટાફ ના માણસોને ખાનાગી વાહનમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કેશોદ વેરાવળ રોડ દર્શન હોટલ પાસે પહોંચતા બાતમી મળેલ કે કેશોદ વેરાવળ રોડ રવજીભાઈ મનજીભાઈ પટેલના ખેતરની બાજુમા આવેલ સાર્વજનીક પ્લોટમા જાહેરમા અમુક ઈસમો ગંજીપતાના પાના પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમાડે છે જેથી બે પંચોના માણસોને બોલાવી હકીકતની સમજ કરી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા પાથરણું પાથરી અમુક ઈસમો ગંજી પતાના પાના વડે જુગાર રમતા હોય જે તેઓ પોલીસને જોઈ પતા તથા પૈસા પટમા ફેકી ભાગવા જતા જેમના તેમ બેસાડી દીધેલ અને વારાફરતી નામ ઠામ પુછવામાં આવેલ અને પાથરણા પરથી રોકડ રકમ રુા. ૧૪,૬૦૦/- તથા પતા નંગ-પર મળી આવેલ તેમજ પાથરણાની કી.રૂા. ૦૦-૦૦ ગણી કબજે કરેલ અને મો. ફોન નંગ-૨ કી.રુા. ૧૦,૦૦૦/- અને નવ આરોપીઓને અટક કરેલ જે પંચનામુ કલાક ૧૭-૪૦ થી ૧૮-૩૦ નુ કરવામા આવેલ. આમ કુલ મુદામાલ કી.રૂા. ૨૪,૬૦૦/- નો ગણી સદરહુ ઈસમો વિરુધ્ધ

પો.કો.સુરેશભાઈ મોહનભાઈ ભંભાણા કેશોદ પો.સ્ટે. મા ફરીયાદ આપેલ. આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વીસ્તાર છે. તેમજ ત્યાં આજુ બાજુમા ઘણી દુકાનો તથા ખેતરો આવેલ છે અને ત્યાં ઘણા માણસો કામ કરતા હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે, હાલની ફરીયાદમાં પોલીસ સીવાય અન્ય કોઈના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ જુગારનું સાહીત્ય બજારમાં સહેલાઈથી વેચાતુ મળી શકે છે. તેમજ સામાન્ય રીતે કોઈપણ પુરુષના ખીસ્સામા અલગ અલગ દરની ચલણી નોટો હોય છે.

**(૧૧)....**આંક–૨૬ થી ત. ક. અમલદાર પ્રકાશભાઈ જીવાભાઈ ડાભીનાએ પોતાની સોગંદપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૫માં કેશોદ પો.સ્ટે. ખાતે પો.હેડ.કોન્સ. તરીકે પોતાની ફરજ પર હતા દરમ્યાન ગઈ તા. ૫/૮/૨૫ ના રોજ તેઓ તથા પો.કોન્સ. સુરેશભાઈ તથા અન્ય પો.સ્ટાફ ના માણસોને ખાનગી વાહનમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા કેશોદ વેરાવળ રોડ દર્શન હોટલ પાસે પહોંચતા બાતમી મળેલ કે કેશોદ વેરાવળ રોડ રવજીભાઈ મનજીભાઈ પટેલના ખેતરની બાજુમા આવેલ સાર્વજનીક પ્લોટમા જાહેરમા અમુક ઈસમો ગંજીપતાના પાના પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમાડે છે જેથી બે પંચોના માણસોને બોલાવી હકીકતની સમજ કરી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા પાથરણું પાથરી અમુક ઈસમો ગંજી પતાના પાના વડે જુગાર રમતા હોય જે પોલીસને જોઈ પતા તથા પૈસા પટમા ફેકી ભાગવા જતા જેમના તેમ બેસાડી દીધેલ અને વારાફરતી નામ ઠામ પુછવામા આવેલ અને પાથરણા પરથી રોકડ રકમ રુા. ૧૪,૬૦૦/– તથા પતા નંગ–૫ર મળી આવેલ તેમજ પાથરણા ની કી.રુા. ૦૦–૦૦ ગણી કબજે કરેલ અને મો. ફોન નંગ–ર કી.રુા. ૧૦,૦૦૦/– અને નવ આરોપીઓને અટક કરેલ જે પંચનામુ કલાક ૧૭–૪૦ થી ૧૮–૩૦ તેઓ દ્વારા કરવામા આવેલ. આમ કુલ મુદામાલ કી.રૂા. ૨૪,૬૦૦/– નો ગણી સદરહુ ઈસમો વિરુધ્ધ પો.કો.સુરેશભાઈ મોહનભાઈ ભંભાણાએ તેમની રુબરુમાં કેશોદ પો.સ્ટે.માં ફરીયાદ આપેલ અને તે ફરીયાદની તપાસ તેઓએ કરેલી અને આરોપીઓ વિરુધ્ધ તેઓએ ચાર્જશીટ કરેલુ છે. આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ વાળો વિસ્તાર જાહેર વીસ્તાર છે. તેમજ ત્યાં આજુ બાજુમા ઘણી દુકાનો તથા ખેતરો આવેલ છે અને ત્યાં ઘણા માણસો કામ કરતા હોય છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, હાલની ફરીયાદમા પોલીસ સીવાય અન્ય કોઈના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજે જુગારનું સાહીત્ય બજારમાં સહેલાઈથી વેચાતુ મળી શકે છે.

તેઓએ સ્વીકારેલ કે, તેઓએ તેમની તપાસ દરમ્યાન ખેતરના માલીકનું કે આજુબાજુનું કોઈ ખેતરના માલીકોનું નીવેદન લીધેલ નથી. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, સામાન્ય રીતે કોઈપણ પુરુષ ના ખીસ્સામા અલગ અલગ દરની ચલણી નોટો હોય છે.

**આખરી તારણ :-**

**(૧૨)....**આ સિવાય ફરિયાદપક્ષે કોઈ વિશેષ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ફરિયાદ પક્ષે રજૂ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે તપાસવામાં આવેલ મહત્વના એવા પંચ સાહેદએ રેઈડ તથા મુદૃમાલ કબ્જે કરી આરોપીને અટક કર્યાના પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓને પોલીસે બાતમીવાળી જગ્યાએ બોલાવેલ હોય અને ત્યાં આરોપી ગંજી પતાના પાના પૈસા વડે પૈસારી હાર જીત કરી જુગાર રમી રમતાં અને તેઓને મુદ્દામાલ સાથે પંચનામાંની વિગતે અટક કરેલ હોય તેવી કોઈ જ હકિકતને સમર્થન કરેલ નથી ત્યારે સદર રેઈડની કાર્યવાહી પંચોની હાજરીમાં થયેલ હોવાનું પુરવાર થતુ નથી. વધુમાં ફરિયાદ પક્ષના કેસ મુજબ પ્રથમ પંચનામું કરવામાં આવેલ અને બાદમાં ફરિયાદ આપવામાં આવેલ છે જેથી સ્વાભાવિક છે કે, ફરિયાદ આપતી વખતે ફરિયાદીને કોણ કોણ પંચો સાથે હતા તેનો ખ્યાલ હોય તેમ છતાં ફરિયાદમાં પંચોના નામ જણાવેલ નથી તેવી હકકીત જણાવેલ છે તેમજ રેઈડમાં કયા વાહનમાં ગયેલ તેના નંબર તથા પ્રકાર જણાવેલ નથી જેથી પંચોની હાજરીમાં આરોપીને ગંજી પતાના પાના પૈસા વડે પૈસારી હાર જીત કરી જુગાર રમી રમતાં હોય અને તેઓની પાસેથી મુદ્દામાલ કબ્જે લીધેલ હોય તેવું જણાય આવતુ નથી. વધુમાં ફરિયાદી, તથા ત. ક. અ.શ્રીએ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને આજુ-બાજુ ઘણી દુકાનો આવેલ છે. તપાસ કરનાર અધિકારીએ વધુમાં એ હકિકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ કામના સાહેદો પોલીસ સાહેદો છે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી. જેથી બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર એવા સાક્ષી મળી આવે તેવી શકયતા હોવા છતાં ફરિયાદીએ તેવા ઈસમોની હાજરીમાં રેઈડ કરેલ નથી કે તપાસનીશ અધિકારીએ તેવા ઈસમોના નિવેદન નોંધેલ નથી કે તેવા ઈસમોને સાક્ષી તરીકે ફરિયાદ પક્ષે તપાસેલ નથી. રેઈડ દરમ્યાન કયા વાહનમાં ગયેલા તેના નંબર તથા પ્રકાર તેઓની ફરિયાદમાં જણાવેલ નથી. આમ, ફરિયાદપક્ષનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરિયાદ પક્ષના પુરાવાને સ્વતંત્ર સાહેદોનાં પુરાવાનું સમર્થન હોવુ આવશ્યક છે.વધુમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે, સામાન્ય રીતે કોઈપણ પુરુષના ખીસ્સામાં અલગ અલગ દરની ચલણી નોટો હોય છે. આ કામે આરોપી સાથે કોઈ જુગાર રમતા હોય તેવા પણ કોઈ ઈસમને સાહેદ તરીકે તપાસેલ નથી. આ કામના

પંચ સાહેદ તટસ્થ સાહેદ છે અને તેઓને ફરિયાદપક્ષની વિરૂધ્ધમાં પુરાવો આપવાનું કોઈ કારણ રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં તપાસ કરનાર અધિકારી તથા પોલીસ સાહેદે પણ સ્વીકારેલ છે કે, આ કમાના ફરિયાદી પોલીસ કર્મચારી છે. ફરિયાદ પક્ષ તરફે રેઈડ તથા મુદ્દામાલ કબ્જે કરી આરોપીને અટક કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરતા નથી જેથી રેઈડ દરમ્યાન આરોપી નાએ ગંજી પતાના પાના પૈસા વડે પૈસારી હાર જીત કરી જુગાર રમી રમતાં પકડાઈ ગયેલાની હકિકત ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદ પક્ષનાં કેસની હકિકતને સમર્થન નહિ આપતા હોવાનું પ્ર થમ દર્શનીય છે તેથી ગુનાના કામે અગત્યનાં સાહેદ કે જેનાથી પંચનામુ સાબિત થઈ શકે તેવો કોઈ સચોટ પુરાવો લાવવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે. આ કામ નાં સાહેદ પોલીસ વિભાગનાં અધિકારી હોય અને તેઓ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય, અને રજૂ થયેલા પુરાવાથી આરોપીની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થતી હોય સ્વતંત્ર સાહેદોનાં પુરાવાનાં સમર્થનનાં અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહિ એવા સંજોગોમાં નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદા **''AZEEZ V/S. STATE OF KERALA 2013 (0) GLHEL- S.C. 52570''** માં પ્રતિપાદીત થયેલ સિધ્ધાંત મુજબ જયારે કેસ અન્ય સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય ત્યારે માત્ર ફરિયાદી તથા તપાસ કરનાર અમલદારની જુબાનીનાં આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ.

**(૧૩)....**ઉપરોકત તમામ હકિકતો ધ્યાન લેતા, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પરે સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં.૧ ને **નકારમાં** નિર્ણીત કરી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આ ખ રી હુ ક મ ::–

**(૧)....**આ કામના આરોપી નં.૮ **રાકેશભાઈ કાંતીલાલ ધોડાદરા,** ઉ.વ.૪૦, ધંધો:– ખેતી, રહે. કેશોદ, ડી.પી. રોડ, તા. કેશોદ.નાઓને જુગાર ધારા કલમ–૧૨ મુજબનાં ગુનામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૨૭૧(૧) અન્વયે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)....**આ કામે કબ્જે કરેલ પતા/નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નાશ કરવો. રોકડ/વેલ્યુએબલ મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવો. વાહન/ મોબાઈલનો વચગાળાનો હુકમ થયા હોય તો એ કાયમ રાખવો અને ના થયો હોય તો સંબંધિત પોલીસે માલિકીની ખરાઈ કરીને પરત આપવો.

**(૩)....**આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ– ૪૮૧ અન્વયે અપીલ થયે અપીલનાં કામે હાજર રહેવા, સદર હુકમની તારીખથી છ માસનાં સમયગાળા માટે રૂપિયા ૫,૦૦૦ /–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજૂ કરવા.

ચુકાદો આજરોજ **તારીખ:– ૪ થી માહે: ઓગષ્ટ સને– <u>૨૦૨૬</u>** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૪–૦૮–૨૦૨૬
મુકામ : કેશોદ

**(તરૂણ મોહનદાસ શ્રીમાળી)**
અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
કેશોદ
[GJ01306]

**//જે.જી. ભેટારીયા//**